**–:: <u>આંક–૯ વાળી ડીસ્ચાર્જ અરજી લગત હુકમ</u> ::–**

(૧) અરજી વંચાણે લીધી. આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી તથા એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી અને વિચારણામાં લીધી.

(૨.૧) **<u>ચાર્જફ્રેમ તથા ડીસ્ચાર્જ અંગે લાગુ (એપ્લીકેબલ) જ્યુડીશ્યલ પ્રીન્સીપલ્સ</u>**

અદાલત આ સમયે કયા દસ્તાવેજો, બાબતો વંચાણે લેવી જોઇએ અને કઇ નહીં.

**Material on Record**

- Police report, FIR, statements under Section 161
- Documents sent under Section 173 CrPC
- Evidence recorded (in cases under Section 245)

The Magistrate must confine scrutiny **only to the prosecution material**.

(૨.૨) અદાલત આ સમયે કયા દસ્તાવેજો, બાબતો વંચાણે લેવી જોઇએ અને કઇ નહી. અદાલતે નકકી કરવાનુ છે કે ફરીયાદપક્ષનો કેસ પ્રથમ દર્શનીય છે કે નહી, તેના માટે કોઇ મીની ટ્રાયલ કરવાની નથી

**Prima Facie Case**

- Whether the allegations, **if taken at face value**, disclose the commission of an offence.
- Discharge is proper when the charge appears **groundless**.

The Magistrate **must not conduct a mini-trial** or weigh evidence as at final judgment.

(૨.૩) જો અદાલતને ફરીયાદપક્ષનો કેસ આવી રીતે વિચારણામા લીધા પછી ગંભીર શંકા થાય તો પણ ચાર્જફ્રેમ કરવો જોઇએ, નહી કે ડીસ્ચાર્જ

**Nature of Suspicion**

- If **grave suspicion** exists → charge should be framed.

- If suspicion is **mere conjecture** → discharge is justified.

(૨.૪) કેસની હકીકતોની સાથે કાનુની બાધ પણ વિચારણામાં લેવાના છે.

**Legal Bars**

The Magistrate must consider whether prosecution is barred by:

- Lack of mandatory sanction
- Limitation under CrPC
- Jurisdictional defects

(૨.૫) આ તબકકે અસામાન્ય સંજોગો-અપવાદરૂપ કિસ્સા સિવાય આરોપીપક્ષનો પુરાવો ધ્યાને લેવાનો નથી.

**No Defense Evidence at This Stage**

- Accused cannot rely on defense evidence (except undisputed documents of sterling quality, in rare cases.

(૨.૬) અદાલતે એવી ચકાસણી કરવાની છે કે પ્રોસીકયુશનનો કેસ આગળ ચલાવવા પુરતા કારણો છે કે નહીં અને તેનો જવાબ હકારમાં આવે તો ચાર્જફ્રેમ કરવાનો થાય છે.

Test is **existence of sufficient ground to proceed**, not proof beyond doubt

A Magistrate must carefully examine whether the prosecution material discloses a **legally sustainable, prima facie case**, without evaluating credibility or conducting a trial.

**<u>HONOURABLE SUPREME COURT CASE LAWS</u>**

**State of Bihar v. Ramesh Singh** ***AIR 1977 SC 2018***

**Principle:**

- At the stage of discharge/framing of charge, the court only has to see whether there is a **prima facie case**.

- **Strong suspicion** is sufficient to proceed.
- The court should not weigh evidence as if conducting a trial.

**Union of India v. Prafulla Kumar Samal** ***(1979) 3 SCC 4***

**Guidelines laid down:**

- Magistrate can sift evidence to see whether the case is groundless.
- If two views are possible and one gives rise to **grave suspicion**, charge must be framed.
- Court must not act as a mere post office.

(૩) **<u>હાલના કેસની આક્ષેપીત સંક્ષિપ્ત હકીકત :-</u>**

ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓ દ્વારા ખોટો રસ્તો દર્શાવતો બનાવટી નકશો ઉભો કરી તેનો સાચા તરીકે ઉપયોગ સીવીલ દાવામાં કરેલો છે. ખરેખરમા નકશા મુજબ રસ્તો હતો જ પરંતુ બીજી જગ્યાએથી પસાર થતો હતો તેના બદલે આરોપીઓએ બીજો નકશો બનાવટી ઉપયોગ કરી તેનો સાચા તરીકે કોર્ટ રૂબરૂ દાવામા ઉપયોગ કરેલો છે.

(૪) **<u>કારણો તથા ઈન્વેસ્ટીગેશન :-</u>**

પોલીસે તપાસ દરમ્યાન ખરા અને ખોટા તે બંને નકશા અંગે તપાસ કરી છે. તે માટે અસર કર્તા પક્ષકારો એટલે કે ફરીયાદીનુ વિશેષ નિવેદન પણ લીધેલ છે તે મુજબ સંક્ષીપ્તમા આક્ષેપ એવો છે કે ડાભોર ગ્રામ પંચાયતમાં તારીખ ૧૪/૧૦/૨૦૦૯ ના રોજ મંજુરી લીધેલ જેમા પણ બાંધકામ પરવાનગીનો નકશો રજુ તે મંજુર કરનાર સરપંચ ભાનુબેને સહી-સીકકા પણ કરેલા પરંતુ વેરાવળ કોર્ટના રે.દિ.મુ.નં. ૬૪/૨૦૧૯ના કેસમાં આ સાચા નકશાની બદલે ખોટા સાઈટ પ્લાન બનાવી સર્વે નં. ૯૩ પૈકી ૨ ની જમીનમાં પુર્વ તરફ પ્લોટ નંબર ૫, ૬, ૭ અને ૨૪ મા થી રસ્તો હોય તેવો ખોટો બનાવટી નકશો

આરોપીઓએ રજુ કરેલો. આ આક્ષેપોની તપાસ થતા તેમા તલાટી કમ મંત્રી દ્રારા તારીખ ૨૨/૦૬/૨૦૨૦ ના રોજ વાળુ પંચ રોજકામ સામેલ રાખેલ જે પણ આ આક્ષેપોને સ્પષ્ટ સમર્થન કરે છે, ઉપરાંત તેમા સરપંચ બેનાબેનનો જવાબ પણ નોંધાયેલ છે અને તેઓએ પણ આવી રીતે નકશાની ખરાઇ કરીને આક્ષેપોને સ્પષ્ટ સમર્થન આપેલ છે, અને જે ખોટો નકશો રજુ કરેલ તે અંગે જવાબદાર તલાટી કમ મંત્રી નો નિલેશકુમારનો જવાબ પણ રેકર્ડ પર છે અને તેઓએ સહી કરેલ નથી તેમ સ્પષ્ટ જણાવેલ છે અને તલાટી વિજયસિંહ દ્રારા પણ આવા કહેવાતા ખોટા નકશામાં પોતાની સહી હોવાની સ્પષ્ટ ઇન્કારી કરેલ છે. આમ, સમગ્ર તપાસ વંચાણે લેતા આ કેસ આગળ ચલાવવા પુરતા કારણો છે અને પ્રથમ દર્શનીય કેસ છે જેથી આવી ડીસ્ચાર્જ અરજી ટકી શકે તેમ નહી હોય નીચે મુજબનો આખરી આદેશ પસાર કરવામાં આવે છે.

**-:: આખરી આદેશ ::-**

- આ અરજી આથી રદદ-ના:મંજુર કરવામાં આવે છે.
- કોસ્ટ કરવામાં આવતી નથી.
- ટ્રાયલ ઝડપથી આગળ ચલાવવા હવેથી મુદતે ચાર્જફ્રેમ માટે તમામ **આરોપીઓ (વિના વિલંબ) બીનચુક હાજર રહેવુ.**
- હેવની મુદત તારીખ : **૦૨/૦૨/૨૦૨૬**

હુકમ આજ તારીખ ૧લી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી , સંભળાવી, અને સહી કરીને જાહેર કર્યો.

(પ્રીતેશ યુ. અંધારીયા)
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ગીર-સોમનાથ એટ વેરાવળ
યુ.આઇ.ડી.-જી.જે.૦૧૧૧૯

તારીખ : ૦૧.૦૧.૨૦૨૬
સ્થળ :ગીર-સોમના એટ વેરાવળ